અપીલ અરજી નં.૨૯૬ તા.૨૧–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી સર્વે નં.૨૫૧ પૈકી ટીપી સ્કીમ નં.૨ ના ફા.પ્લોટ નં.૧૦૦ વાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ પૈકી પ્લોટ નં.૪૩ પર બાંધવામાં આવેલ બાંધકામ બાબત.(૧)ઉપરોકત સ્થળે બાંધવામાં આવેલ બાંધકામ રેસીડેન્સીયલ હેતુ વાળુ છે કે કોમર્શીયલ? વિગેરે મુદ્દા નં.૧થી૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૯૬/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી સર્વે નં.૨૫૧ પૈકી ટીપી સ્કીમ નં.૨ ના ફા.પ્લોટ નં.૧૦૦ વાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ પૈકી પ્લોટ નં.૪૩ પર બાંધવામાં આવેલ બાંધકામ બાબત.(૧) ઉપરોકત સ્થળે બાંધવામાં આવેલ બાંધકામ રેસીડેન્સીયલ હેતુ વાળુ છે કે કોમર્શીયલ? વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં નહીં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૯ તા.૩૧–૧૨–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.સા.ઝોન/૬૮૭ તા.૩૧–૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં સર્વે નં.૨૫૧ પૈકી ટીપી સ્કીમ નં.૨ ના ફા.પ્લોટ નં.૧૦૦ વાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ પૈકી પ્લોટ નં.૪૩ પર બાંધવામાં આવેલ બાંધકામ બાબત. મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે બાંધવામાં આવેલ બાંધકામ રેસીડેન્સીયલ હેતુ વાળુ છે કે કોમર્શીયલ? મુદ્દા નં.(૨) આ બાંધકામને આપના વિભાગ તરફથી બાંધકામ કરવા અંગેની કોઈ પરમીશન આપવામાં આવેલ છે કે કેમ? જો આપી હોય તો તેની મંજુર પ્લાનની નકલ તથા પરમીશન પત્રની નકલ આપશો. મુદ્દા નં.(૩) આ બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો ના હોય તો અત્યાર સુધીમાં આપના વિભાગ તરફથી આ બાંધકામ વિરુધ્ધ શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની સંદર્ભ હેઠળની અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કત માટે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. માંગેલ અન્ય માહિતી ઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવી માહિતી નિયત સમય અવધિ બાદ આપવામાં આવેલ છે. આમ અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામા આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,